યૂપીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પ્રણવ મુખરજી

નવી દિલ્હી,તા.૧૫

યૂપીએ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર અંગે ચાલી રહેલા સસ્પેન્સનો આખરે અંત આવી ગયો છે. તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીના તીવ્ર વિરોધ છતાં તેની ચિંતા કર્યા વગર આજે યૂપીએ દ્વારા તેના ઉમેદવારની જાહેરાત કરી દેવામા આવી હતી. યૂપીએ તરફથી નાણા પ્રધાન પ્રણવ મુખર્જીના નામની જાહેરાત કરવામા આવી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આ મુજબની જાહેરાત કરી હતી. પ્રણવે કહ્યુ છે કે તેઓ આગામી દિવસોમા અન્ય પક્ષો સાથે પણ વાતચીત કરશે. પ્રણવે કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાટે ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરાતા તેઓ ગર્વ અનુભવ કરે છે. પસંદગી કરાયા બાદ આ બાબતને તેઓ સંપૂર્ણ સન્માન સાથે સ્વીકારે છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધીની હાજરીમાં તેમના નામની જાહેરાત કરાઈ હતી. બીજી બાજુ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ

પાર્ટીએપ્રણવને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. વડાપ્રધાનના નિવાસે મળેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ પ્રણવ મુખર્જીના નામની સત્તાવાર જાહેરાત કરવામા આવી હતી. યૂપીએ અધ્યક્ષ સોનિયાગાંધીએ પ્રણવ મુખર્જીના નામની દરખાસ્ત રજૂ કરી હતી જેને સમય બગાડ્યા વગર મંજૂર કરી દેવામા આવી હતી. બેઠકમાં સોનિયા ગાંધી પી ચિદમ્બર, પ્રણવ મુખર્જી, શરદ પવાર, અજીત સિંહ ઉપરાંત અન્ય મોટા નેતા ઉપસ્થિત રહ્યા હતા. બદલાઈ ગયેલા રાજકીય વાતાવરણના વચ્ચે પ્રણવ મુખર્જીની દાવેદારીને તમામે ટેકો આપી દીધો છે. હવે તેમની દાવેદારી લગભગ નિશ્ચિત થઈ ચુકી છે. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રણવ મુખર્જી ૨૪ જૂનના દિવસે નાણામંત્રી તરીકે રાજીનામુ આપી શકે છે. પ્રણવ મુખર્જી તેમના ચાહક વર્ગમાં દાદા તરીકે વધુ લોકપ્રિય છે. પવન કુમાર બંસલ પ્રણવ માટે ચૂંટણી કન્વીનર તરીકે હશે. સૂત્રોની વાત માનવામા આવે તો પ્રણવ મુખર્જી બાદ નાણામંત્રાલયની જવાબદારી સંભાળશે. જ્યારે લોકસભાના નેતા તરીકે નામની શોધખોળ શરૂ થઈ ચુકી છે. પી ચિદમ્બરમ અને સુશીલ કુમાર સિંદેના નામ ઉપર ચર્ચા ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવાર સવાર સુધી મામલો અબ્દુલ કલામ અને પ્રણવ મુખર્જી વચ્ચે મર્યાદિત થઈ ગયો હતો. પરંતુ સમાજવાદી પાર્ટીએ ગુલાટ મારી દેતા હવે ચિત્ર સ્પષ્ટ થઈ ચુક્યો છે. સમાજવાદી પાર્ટીએ ટેકો આપી દીધો છે. બીજી બાજુ સીપીએમના બ્રિન્ડા કારકે પ્રણવ મુખર્જીને અભિનંદન પણ આપી દીધા છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પણ સોસિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વીટર ઉપર પ્રણવ મુખર્જીને અભિનંદન આપ્યા છે. બસપના નેતા માયાવતીએ ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. યૂપીએના અન્ય ઘટકપક્ષો પણ વિરોધ કરી રહ્યા નથી. મનોમહનસિંહ અંગત રીતેં સુષ્મા સ્વરાજને ફોન કરીને ભાજપનો ટેકો મેળવી ચુક્યા છે. સોનિયા ગાંધીએ પ્રણવ મુખર્જીને ટેકો આપવા તમામ રાજકીય પક્ષોને ટેકો આપવા અપલી કરી છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના મામલે એનડીએ વિભાજીત

નવી દિલ્હી,તા.૧૫

એનડીએના ઘટકપક્ષો રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર અંગે કોઈ નિર્ણય કરી શક્યા નથી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના મામલે એનડીએ બિલકુલ વિભાજીત છે. જેડીયૂના પ્રમુખ શરદ યાદવે અબ્દુલ કલામને ભારતના આગામી રાષ્ટ્રપતિ તરીકે પ્રોજેક્ટ કરવાની હિલચાલનો વિરોધ કર્યો હતો. બીજી બાજુ ભાજપે આંતરિક રીતે પ્રણવ મુખર્જીને ટેકો આપવાની તૈયારી કરી હોવાના સંકેત મળ્યા છે. જો કે એનડીએનુ ચિત્ર મોડેથી સ્પષ્ટ થાય તેવી શક્યતા છે. યાદવે એનડીએની મીટિંગના પરિણામ અંગે પૂછવામા આવતા કોઈ ખુલાસો કર્યો ન હતો. એનડીએ સર્વ સંમતિથી ઉમેદવારની પસંદગી કરશે. અગાઉ ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીએ કહ્યુ હતુ કે એનડીએની મીટિંગમાં તમામ ઉમેદવાર પર ચર્ચા થઈ છે. જો જરૂર પડશે તો વધુ એક મીટિંગ યોજાશે જેમાં એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને સામેલ કરવામા આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે પરિસ્થિતિ પર અમારી નજર છે.

યોગ્ય ઉમેદવારની પસંદગી કરાશે. જો કે એવા સંકેત મળી રહ્યા છે કે એનડીએ પ્રણવ મુખર્જીની દાવેદારીને ટેકો આપશે. કારણ કે વડાપ્રધાન મનમોહનસિંહ ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજને ફોન કરીને ભાજપના ટેકાની માંગ કરી ચુક્યા છે.

એચએસબીસીએ ભારતની જીડીપીની આગાહીને ઘટાડી

નવી દિલ્હી,તા.૧૫

એચએસબીસીએ આજે આગાહી કરતા જણાવ્યુ હતુ કે ભારતમાં જીડીપીમાં ઘટાડો થશે. એચએસબીસીએ ભારતના જીડીપીના અંદાજને ઘટાડની ૬.૨ ટકા કરી દીધો છે. જીડીપીનો અંદાજ અગાઉ ૭.૫ ટકા રાખવામા આવ્યો હતો. જેને હવે ઘટાડવામા આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૩ માટે એચએસબીસીનો અંદાજ છે કે જીડીપી વૃદ્ધિદર ૬.૨ ટકા રહેશે. અગાઉ તેનો અંદાજ ૭.૫ ટકાનો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૪ માટે તે માને છે કે ભારતનો વૃદ્ધિદર રિકવર થઈને ૭.૪ ટકા રહેશે જો કે અગાઉના ૮.૨ ટકા કરતા આ આંકડો ઓછો રહેશે. એચએસબીસીના અર્થશાસ્ત્રીએ અહેવાલમા જણાવ્યુ છે કે સપ્લાય તરફી સુધારા અપેક્ષા કરતા ધીમી ગતિએ આગળ વધ્યા છે. આમાં એમ પણ જણાવવામા આવ્યુ છે કે વહીવટી અડચણો અને સ્થાનિક પોલિસીના લીધે મૂડીરોકાણની ગતિ ધીમી પડી છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રવર્તતા પરિબળોની અસર થઈ છે. એચએસબીસીના જણાવ્યા મુજબ આરબીઆ સોમવારના દિવસે રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો

કરી શકે છે. જો કે એચએસબીસીએ ચેતવણી આપી છે કે રેટમાં કાપ વિકાસમાં તેજી લાવવા માટે યોગ્ય વિકલ્પ નથી આના બદલે માળખાકીય સુધારાનો મોટો ડોજ જરૂરી છે. આમા જણાવવામા આવ્યુ છે કે ફુગાવો હજુ વધી શકે છે. ગંભીર માળખાકીય સુધારા હાથ ધરવાથી સ્થિતિમાં સુધારો થવાના સંકેત મળી શકે છે. દરમ્યાન ભારતના જાન્યુઆરી-માર્ચ ૨૦૧૨ જીડીપીના આંકડા અપેક્ષા કરતા નબળા રહ્યા છે. એપ્રિલ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન ફ્લેટ રહ્યુ છે. ફુગાવો ઉંચી સપાટીએ રહેવાની વાત કરવામા આવી છે. એપ્રિલ મહિનામાં ૭.૨૩ ટકાની સામે મે મહિનામાં ડબલ્યૂપીઆઈ ફુગાવો ૭.૫૫ ટકા રહ્યો છે. એચએસબીસીનુ કહેવુ છે કે રેટમાં કાપથી સમસ્યા મર્યાદિત સુધરી શકે છે. પરંતુ લાંબા ગાળે રેટમાં કાપ મુકવાથી સ્થિતિમાં સુધારો થશે નહી. ફુગાવાને કાબૂમાં લેવા નક્કર પગલા જરૂરી બની ગયા છે.

તાતા મોટર્સના વાહન વેચાણમાં ૧૨ ટકાનો વધારો

નવી દિલ્હી,તા.૧૫

તાતા મોટર્સના વૈશ્વિક વાહનોના વેચાણમાં મે મહિનામાં ૧૨ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. ભારતીય કંપનીએ કહ્યુ છે કે લકઝરી જગુઆર લેન્ડ રોવર વાહનોના વેચાણમાં ૩૫ ટકાનો વધારો થયો છે. તાતા મીડાથી લઈને સ્ટીલ સુધીના જુદા જુદા ક્ષેત્રોમાં બિઝનેસ ધરાવે છે. તાતાએ મે

મહિનામાં ૯૬૦૮૯ વાહનો વેચ્યા છે. એકંદરે પેસેન્જર કાર ૫૧૦૬૪ વેચાઈ છે. તેમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૨૧ ટકાનો વધારો થયો છે. જગુઆર લેન્ડ રોવરના વેચાણ મે મહિનામાં ૩૦૦૯૪ વેચાઈ છે. તાતા મોટર્સના આંકડા જારી કરવામા આવ્યા બાદ તેના શેરમાં પણ ઉછાળો નોંધાયો હતો. તાતાના ચેરમેન રતન તાતાએ ઓપન માર્કેટ લેવડદેવડ મારફતે ૪૨૫૦૦૦ શેર ખરીદી લેવાની જાહેરાત કરી હતી. માત્ર તાતાના જ નહી બલ્કે ઓટોના શેરમાં આની સીધી અસર થઈ હતી.

આઇઆઇટીની સ્વાયતતા અકબંધ રહેશે : વડાપ્રધાન

માનવ સંસાધન વિકાસ પ્રધાનની સાથે વાતચીત કરવાની સીની ખાત્રી : ફેડરેશને સ્વાયતતા સહિતના મુદ્દા ઉઠાવ્યા

નવી દિલ્હી,તા.૧૫

વડાપ્રધાન મનમોહનસિંહે આજે ખાતરી આપી હતી કે આઈઆઈટીની સ્વાયતતા અકબંધ રહેશે. આઈઆઈટી ફેકલ્ટી ફેડરેશન આડે પણ કોઈ તકલીફો આપશે નહી. વડાપ્રધાન સાથે ઓલ ઈન્ડિયા આઈઆઈટી ફેકલ્ટી ફેડરેશનની મિટિંગ યોજાઈ હતી. ફેડરેશને સી સાથે બેઠક યોજ્યા બાદ ઓલ ઈન્ડિયા આઈઆઈટી ફેકલ્ટી ફેડરશનના સેક્રેટરી એકે મિત્તલે કહ્યું હતું કે વડાપ્રધાનને તમામ મુદ્દાઓ અંગે વાત કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આઈઆઈટી અને અન્ય કેન્દ્રિય ફંડ મેળવતી સંસ્થાઓમાં અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રમમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (સીઈટી)થી આઈઆઈટી દ્વારા હાલ હાંસલ કરવામાં આવેલા સ્વાયતતાના દરજ્જાને અસર કરશે. માનવ સંસાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલે અમેરિકાની યાત્રા ટુંકાવી દિધી છે. તેઓ ગઈકાલે મોડી રાત્રે

સ્વદેશ પરત ફર્યા હતા. કપિલ સિબ્બલ અમેરિકાથી પરત ફર્યા બાદ આ મિટિંગ યોજાઈ હતી. મિટિંગ દરમિયાન ફેડરેશનને સ્વાયતતાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે એક રાષ્ટ્ર એક પરીક્ષા યોજવા અંગે આઈઆઈટી કાઉન્સીલ દ્વારા લેવામાં આવેલો નિર્ણય તમામ આઈઆઈટી સેનેટ દ્વારા સુધારવામાં આવે તે જરૂરી છે. મિત્તલ એમ પણ કહ્યું હતું કે પ્રવેશ પરિક્ષામાં કોઈપણ ફેરફાર વર્ષ ૨૦૧૩ બાદ જ અમલમાં મુકવો જોઈએ. ફેડરેશને બોર્ડના માર્કને મહત્વ આપવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. મેરીટ યાદી તૈયાર કરતી વેળા સામાન્યકરણની પ્રક્રિયા અંગે વાત કરતા ફેડરેશને કહ્યું હતું કે ગણીબધી ગુંચવણો થયેલી છે તે દુર થવી જોઈએ. નવા ફોર્મેટ હેઠળ એક રાષ્ટ્ર એક પરીક્ષા યોજવાના સરકારના નિર્ણય બાદ તમામ આઈઆઈટી કાનપુર આઈઆઈટીની હિલચાલ મુજબ આગળ વધવા સ્વતંત્ર છે.

કોર્પોરેટ દ્વારા એડવાન્સ ટેક્સ ચુકવણીમાં વધારો

મુંબઈ,તા.૧૫

આર્થિક મંદી વધુ તીવ્ર બની હોવા છતાં વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એડવાન્સ ટેક્સની ચુકવણીમાં વધારો થયો છે. મોટા ભાગના અગ્રણી કોર્પોરેટ હાઉસ દ્વારા વધુ ટેક્સની ચુકવણી કરી છે. એસબીઆઈના નેતૃત્વમાં યાદીમાં એલઆઈસી, એચડીએફસી, બેંક ઓફ બરોડા પણ સામેલ છે. મળેલી માહિતી મુજબ એસબીઆઈએ એક વર્ષ અગાઉના ગાળામાં ૧૧૦૦ કરોડની સામે પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૧૭૦ કરોડની ચુકવણી કરી છે. જ્યારે આ ત્રિમાસિક ગાળામા એડવાન્સ ટેક્સરૂપે એલઆઈસીએ ૬૩૦ કરોડ રૂપિયા ચુકવ્યા છે. છેલ્લા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એલઆઈસીએ એડવાન્સ ટેક્સરૂપે ૫૮૨ કરોડ રૂપિયા ચુકવ્યા હતા. હાઉસિંગ ફાઈનાન્સ કંપની એચડીએફસીએ ગયા વર્ષે ૨૫૫ કરોડની સામે ૩૦૦ કરોડ રૂપિયા ચુકવ્યા છે. જ્યારે બેંક ઓફ બરોડાએ ૩૧૫ કરોડ, આઈસીઆઈસીઆઈ બેંકે ૫૦૦ કરોડ, કોટક મહિન્દ્રાએ ૭૫ કરોડ રૂપિયા ચુકવ્યા છે. ટીસીએસે ૨૫૦ કરોડની સામે ૩૨૦ કરોડ ચુકવ્યા છે. જ્યારે બજાજ ઓટો એ ૧૨૫ કરોડની સામે આ વર્ષે ૧૫૦ કરોડ ચુકવ્યા છે. સિમેન્ટની મહાકાય કંપની અલ્ટ્રાટેકે પણ ગયા વર્ષે આ ગાળામાં ૪૦ કરોડની સામે એડવાન્સ ટેક્સની સામે ૧૧૦ કરોડ ચુકવ્યા છે.

પીઈથી જંગી નાણા ભેગા કરવા સ્પાઈસની તૈયારી

નવી દિલ્હી, તા. ૧૫

લો કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટ લિમિટેડ બ્લેક સ્ટોન ગ્રૂપ, બેન કેપિટલ અને અન્ય મુડીરોકાણકારો પાસેથી જંગી નાણા એકત્રિત કરવાની યોજના ધરાવે છે. ખાનગી ઈક્વિટી (પીઈ)માંથી ફંડ એકત્રિત કરવાની યોજનાને આખરીઓપ આપવામાં આવ્યા બાદ હવે કેટલા નાણા ઉભા કરાશે તેની ગણતરી શરૂ થઈ છે. સ્પાઈસ જેટના ટોંચના અધિકારીઓ માહિતી આપતા કહ્યું છે કે કેટલાક પીઈ ફંડ સહિત જુદા જુદા મુડીરોકાણકારોનો સંપર્ક સ્પાઈસ જેટ દ્વારા કરવામાં આવ્યો છે. તેમના સાથે વાતચીત કરવામાં આવી રહી છે. સ્પાઈસ જેટના પ્રવક્તાએ કહ્યું છે કે મુડીરોકાણકારોના નામ હાલમાં આપી શકાય નહીં. જો કે માર્કેટ સુત્રોનું કહેવું છે કે બજેટ એરલાઈનમાં કેટલાક પીઈ રોકાણકારોએ રસ દર્શાવ્યો છે. આ પીઈ રોકાણકારોમાં બ્લેકસ્ટોન ગ્રૂપ, બેન કેપિટલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેકેઆરને પણ રસ છે. પીઈ ફંડમાંથી એકત્રિત કરવામાં આવનાર નાણાનો ઉપયોગ અન્યત્ર કરવામાં આવશે. સ્પાઈસના પ્રવક્તાએ કેટલી રકમ ઉભી કરાશે તે અંગે પ્રશ્નોનો જવાબ આપ્યો નથી. ૩૧ માર્ચના ૨૦૧૨ના આંકડા મુજબ એરલાઈનમાં પ્રમોટરોની હિસ્સેદારી ૪૩.૫ ટકા છે જેમાં કલાનિધિ મારનના કાલ એવરેજ પ્રાઈવેટ લિમિટેડ અને અનિલ અંબાણી પ્રમોટેડ રિલાયન્સ કેપિટલ લિમિટેડની હિસ્સેદારી ક્રમશ ૩૪.૫ ટકા અને ૫.૭ ટકા છે. બાકીની હિસ્સેદારી મારનની છે. પ્રમોટરોએ એપ્રિલ મહિનામાં આ એરલાઈનમાં ૧૦૦ કરોડ રૂપિયા થાલવ્યા હતા. આની સાથે કુલ હિસ્સેદારી વધીને ૪૯ ટકા થઈ હતી. વિદેશી કેરિયર્સ દ્વારા સંભવિત રોકાણ અંગે પુછવામાં આવતા પ્રવક્તાએ કહ્યું હતું કે સ્પાઈસ જેટમાં હિસ્સો ખરીદવા કેટલીક વિદેશી એરલાઈન્સોએ રસ દર્શાવ્યો છે.

પશ્ચિમ બંગાળમાં પેટાચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસે બંકુરા અને દાસપુરની બેઠકો જીતી

કોલકાતા,તા.૧૫

પશ્ચિમ બંગાળમાં પેટાચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસે બંકુરા અને દાસપુરની બેઠકો જીતી લીધી

છે. આની સાથે જ સીપીઆઈએમને વધુ એક મોટો ફટકો પડ્યો છે. પશ્ચિમ બંગાળની પેટાચૂંટણીમાં ખુબ જ ગળાકાપ સ્પર્ધા હતી. તૃણમુલ કોંગ્રેસના નેતા મિનાટી મિશ્રાએ સીપીઆઈએમના નિલંજન દાસ ગુપ્તાને બંકુરામાં ૧૫૧૩૯ મતે હાર આપી છે. ૧૫મી જૂનના દિવસે પેટાચૂંટણીના પરિણામો જાહેર કરાવમા આવ્યા હતા. જયારે ટીએમસીના મમતા ભૂણિયાએ દાસપુરમાં ડાબેરી ઉમેદવાર સમર મુખર્જીને ૧૮૮૯૮ મતે હાર આપી હતી. ટીએમસીના ધારાસભ્યના અવસાન બાદ માઓવાદી ગ્રસ્ત જિલ્લાઓમાં બંકુરા અને દાસપુરમાં પેટાચૂંટણી યોજાઈ હતી. ટીએમસીના કાશીનાથ મિશ્રાએ ગયા વર્ષે બંકુરા બેઠક જીતી હતી. ૧૨મી જૂનના દિવસે પેટાચૂંટણી માટે મતદાન યોજાયુ હતુ. આમા આશરે ૭૦ ટકા મતદાન યોજાયુ હતુ. બંકુરામાં ૬૭ ટકા અને દાસપુરમાં ૭૩ ટકા મતદાન યોજાયુ હતુ. ભાજપે પણ બંને સીટ ઉપર પોતાના ઉમેદવાર ઉતાર્યા હતા જો કે કોંગ્રેસે ઉમેદવાર ઉતાર્યા ન હતા.

જનરલ બિક્રમસિંહે જમ્મુ કાશ્મીરની લીધેલી મુલાકાત

નવી દિલ્હી,તા.૧૫

૩૧મી મેના દિવસે સેનાના વડા તરીકેની જવાબદારી વિધીવત રીતે સંભાળી લીધા બાદ જનરલ બિક્રમસિંહે આજે જમ્મુ કાશ્મીરની મુલાકાત લીધી હતી. પાકિસ્તાન સામેની અંકુશ રેખા તથા સાથે સાથે જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં આંતકવાદ વિરોધી ઓપરેશન મામલે સેનાના વડાએ માહિતી મેળવી હતી. સેનાના વડાએ આજે સવારે નોર્ધન આર્મીના કમાન્ડર લેફ્ટી જનરલ કેટી પરનાયક સાથે વિસ્તાર પુર્વક બેઠક યોજી હતી. ઉધમપુરમાં કમાન્ડ હેડક્વોટર ખાતે આ મિટિંગ યોજાઈ હતી. મિટિંગમાં સીઓએએસ દ્વારા પરીસ્થીતીથી વાકેફ કરવામાં આવ્યા હતા. ઉપરાંત નોર્ધન કમાન્ડમાં ઓપરેશન તૈયારી અંગે પણ માહિતી

આપવામાં આવી હતી. સેનાના વડાએ જમ્મુ કાશ્મીરમાં પ્રોક્સી વોરની સ્થિતી અંગે પણ માહિતી મેળવી હતી. સેનાના વડા હવે શ્રીનગર પહોંચ્યા છે જ્યાંતેઓ લેફ્ટી જનરલ ઓમપ્રકાશ, ૧૫ કોર્પના જનરલ ઓફિસર કમાન્ડો સાથે વાતચીત કરી રહ્યા છે. મોડેથી તેઓ અગ્રીમ વિસ્તારોમાં પણ જઈ રહ્યા છે. જ્યાં તેઓ અંકુશ રેખાઓ ઉપર ગોઠવવામાંઆવેલા સૈનિકો સાથે વાતચીત કરશે. શ્રીનગરની મુલાકાત દરમિયાન તેઓ તમામને મળ્યા હતા. જેમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વોરાનો પણ સમાવેશ થાય છે. તેમની લાંબી કારકિર્દીમાં સેનાના વડા જમ્મુ કાશ્મીરમાં અનેક ઓપરેશનમાં ભાગ લઈ ચુક્યા છે. વીકે સિંહ નિવૃત્ત થયા બાદ તેમની જગ્યાએ સેનાના વડા તરીકે બિક્રમસિંહે હવાલો સંભાળ્યો છે.

ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

બીજી એક ગઝલમાં આવો જ કાંઈક સંદેશો છે.

"જીવાયું જીવનભર ઘડી બે ઘડી
હતું વિશ્વ સુંદર ઘડી બે ઘડી"

જિંદગીને જીવંત બનાવીને જીવો, જીવનની અનેકવિદ ઝંઝાળોમાં કયાંક જિંદગીને જીવંત બનાવો તે રીતે જીવો. આખી જિંદગી ઝંઝાળમાં વીતાવવામાં જિંદગી જીવવાનું ભુલી ના જશો. ઘડીક બે ઘડી જિંદગીને જીવંત બનાવશો તો તમને આ વિશ્વ સુંદર લાગશે. જીવવા જેવું લાગશે.

બીજી એક ગઝલમાં ગઝલકારે કટાક્ષ કર્યો છે.

"પૂજાપાઠ સૌ માત્ર ખપ પૂરતા
કર્યો યાદ ઈશ્વર ઘડી બે ઘડી"

ઘણા લોકો ખપ પૂરતા દેખાવ પૂરતા યંત્રવત રીતે પૂજાપાઠ કરે છે, દેવદર્શને જાય છે. ઈશ્વરને ઘડી બે ઘડી યાદ કરી લે છે. પણ પછી હું કોણ ને તું ઈશ્વર કોણ. ઈશ્વરને ભૂલી જઈને માણસ જીવવાનું ભૂલી જઈને જીવનને ધબકતું રાખવા ખોટા માર્ગ અપનાવે છે. તેનાથી જિંદગીના સાચા ધબકારા પ્રાપ્ત થતા નથી.

જે કાંઈ કરો, પૂજાપાઠ કરો, દેવદર્શન કરો, તેમાં યંત્રવત ના બનો. બધું દિલથી, પ્રેમથી કરો, ઈશ્વરમાં ખોવાઈ જાવ. ઈશ્વર તમારા હૃદયને સાચુકલું ધબકતું બનાવી દેશે.

બીજી એક ગઝલમાં ગઝલકારે કહે છે કે -

"જવું તું ઝડપથી બધાએ સુખી
વાટ ટૂંકી સદા નીકળી જોખમી."

આજકાલ ઘણા લોકોને મહેનત કર્યા વગર, શ્રમ કર્યા વગર રાતોરાત અમીર બનવાની તાલાવેલી જાગે છે, અને માણસ આડા માર્ગે વળી જઈને રાતોરાત સુખી થવાના ખોટા રસ્તા અપનાવે છે. પછી જિંદગીની આ વાટ (રસ્તો) જોખમી પુરવાર થાય છે. આવી રીતે ખોટા માર્ગે જીવનને લઈ જઈને જિંદગીના ધબકારા નકલી બની જશે. ખોટા રસ્તા અપનાવવાને બદલે સાચા રસ્તા અપનાવો. તેમાં થોડી તકલીફ થશે. મુશ્કેલીઓ આવશે, પરંતુ નિરાશ થયા વગર, મંડી રહેશો તો સફળ થશો, સાચા માર્ગે જીવનારા લોકોના જીવનના ધબકારા પણ જીવંત રહે છે, આ છે આજનો ચેતનાનો સંદેશો.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

સાહિત્ય સમાચાર સેતુ

● તા. ૧૦-૬-૨૦૧૨ નાં રોજ સાંજના મેઘાડંબરભર્યા, પરંતુ વરસવાની આશા જન્મતાવતા વાતાવરણાં ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબની બેઠક નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના સદ્‌ભાવન્થી એમના કાર્યાલયમાં પ્રમુખશ્રી દોલતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને અને મંત્રીશ્રી નટવર હેડાઉની ઉપસ્થિતિમાં મળી, જેની શરૂઆત શબદની આરાધ્ય દેવી - મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવી. જૂન માસમાં જન્મદિન હતો તેઓને અભિનંદનસહ જીવનની શુભવાંચ્છનાઓ પાઠવવામાં આવી. ત્યારબાદ સભામાં હાજર કવિઓ/લેખકો પૈકી, સર્વશ્રી સુમંતભાઈ શાહ, રમણલાલ શ્રીમાળી, મૂળજીભાઈ પરમાર 'દધિ', વેદ્ય રમેશચંદ્ર ત્રિવેદી, મહેન્દ્રભાઈ રાઠોડ, ભરતભાઈ પાઠક 'નયન', બાબુભાઈ વણઝારા, ડૉ. રમેશભાઈ પટેલ, બાબુદાન ગઢવી વિગેરે દ્વારા તેઓની સ્વરચિત કૃતિઓનું - રચનાઓનું રસપાન કરાવવામાં આવ્યું; જેને હાજર સર્વેએ મનભર માણ્યું.

આ તબક્કે, અધ્યક્ષસ્થાનેથી શ્રી દોલતભાઈ ભટ્ટ દ્વારા, તેઓશ્રીની લાગણીનો પુનરોચ્ચાર કરતાં જણાવવામાં આવ્યું કે, જયાં સુધી સમાજ માનસિક રીતે સ્વસ્થ અને સજજ નહીં હોય ત્યાં સુધી; શહેરની ગ્રામ્યવ્યવસ્થા છિન્નભિન્ન અને વિછિન્ન રહેશે. સાંપ્રત સમાજમાં વ્યાપેલ વિકૃતિઓ અને દુષ્કૃત્યો સામે પ્રજાની વિમુખતાનો વ્યાપ વધતો જાય છે અને માનવ ગરિમા અને માનવ મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે. હ્રાસ થઈ રહ્યો છે. ત્યારે, સાહિત્ય સર્જકનું દાયિત્વ ખૂબ જ વધી જાય છે. આથી માનવ મૂલ્યોના પુનઃ પ્રસ્થાપન અને વિકૃતિઓને ડામવામાં સહાયભૂત થાય તેવું પ્રેરણાત્મક સાહિત્ય સર્જક કરવા, સર્વેનો આવાહ્‌ન કર્યું અને સમાજમાં વ્યાપેલ દૂષણો - બદીઓ : (૧) સ્ત્રીભૂણ હત્યા (૨) દીકરીઓ પરના અત્યાચાર (૩) નાના બાળકોની ઉઠાંતરી અને (૪) વૃધ્ધોની વેદના - સંવેદના બાબતેની સ્વરચિત લઘુકથાઓ, ગાંધીનગર સાહિત્ય સભાની મળનાર આગામી તા. ૮-૭-૨૦૧૨ની (બીજા રવિવારની) માસિક બેઠકમાં સાહિત્ય સર્જકો રજૂ કરે, તેવું નક્કી કર્યું.

● સાહિત્ય સભાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભાનુપ્રસાદ પુરાણી લિખિત 'સ્મરણવીથિકા' પુસ્તકનો ''અવલોકન અને આસ્વાદ'' કાર્યક્રમ તથા વરિષ્ઠ સાહિત્યકાર શ્રી વસંતલાલ પરમારનો અભિવાદન કાર્યક્રમ. શ્રી પ્રકાશ ન. શાહ (જાણીતા વિચારક - વરિષ્ઠ પત્રકાર) ના અધ્યક્ષ સ્થાને તથા મુખ્ય મહેમાન ડૉ. કેશુભાઈ દેસાઈ (લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર) અને અતિથિ વિશેષ શ્રી દોલત (પ્રમુખ, ગાંધીનગર સાહિત્ય સભા) ની ઉપસ્થિતિમાં, શ્રી બ્રહ્માણી કૃપા હૉલ, ફાર્મસી કૉલેજ કમ્પાઉન્ડ, ગેટ નં. ૧, કડી સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩ ગાંધીનગર ખાતે તા. ૧૬-૬-૨૦૧૨ ને શનિવારના રોજ સાંજના ૪-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. સાહિત્ય પ્રવૃત્તિમાં રસ ધરાવનાર સર્વે કોઈને પધારવા ભાવભીનું નિમંત્રણ પાઠવેલ છે.

● 'સાહિત્ય લોક' ના ઉપક્રમે તા. ૧૭-૬-૨૦૧૨ ને રવિવારના રોજ સાંજના ૫-૦૦ વાગ્યે 'હિન્દી કાવ્યગોષ્ઠિ' શ્રી પી.સી.પટેલના સે-૮/બી, પ્લોટ નં. ૬૬૧/૧ ખાતે રાખવામાં આવેલ છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી કાર્યક્રમો.

- તા. ૧૬-૬-૨૦૧૨, શનિવારે સાંજે ૫-૦૦ કલાકે નવોદિત સર્જક-સંવાદ થશે : સંયોજક - ધ્વનિલ પારેખ.

- તા. ૨૦, ૨૭-૬-૨૦૧૨ બુધવાર, સાંજે ૭-૦૦ કલાકે 'બુધસભા'

- તા. ૨૧-૬-૨૦૧૨, ગુરૂવાર, સાંજે ૬-૦૦ કલાકે શ્રી અભિમન્યુ આચાર્ય મૌલિક વાર્તાનું પઠન કરશે : સંયોજક : દીવાન ઠાકોર.

- તા. ૨૩-૬-૨૦૧૨, શનિવારે સાંજે ૫-૩૦ કલાકે પ્રિયંકા કલ્પિતના કાવ્યસંગ્રહ, 'ઘસરકો' વિશે ડૉ. દિલીપ ચાવડાનું વક્તવ્ય, પ્રા. યશવન્ત વાઘેલાના અધ્યક્ષસ્થાને સંયોજક : ચંદુ મહેરિયા.

● તા. ૫-૭-૨૦૧૨, ગુરુવાર સાંજે ૬-૦૦ કલાકે શ્રી નિર્મલા મેકવાન 'મહેરામણ' વાર્તાનું પઠન કરશે. સંયોજક દીવાન ઠાકોર.